# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ઉદ્યોગ–ધંધાના સ્થળે ડોમ તોડી પાડવાની કાર્યવાહીને સ્થગિત કરવા ચેમ્બરની માનનીય મુખ્યમંત્રીશ્રીને અસરકારક રજુઆત

## આરોગ્ય મંત્રી શ્રી કિશોરભાઇ કાનાણી, મેયરશ્રી, કમિશનરશ્રી, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી તથા સંલગ્ન પદાધિકારીઓની એક સમિતિનું ગઠન કરી ફેરવિચારણા કરવા મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગકારોને ખાતરી આપી

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇના નેજા હેઠળ એક પ્રતિનિધી મંડળે આજરોજ રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઇ સુરત મહાનગરપાલિકા દ્વારા ઉદ્યોગ – ધંધાના સ્થળે તથા શૈક્ષણિક સંસ્થાઓ ખાતે ડોમ તોડી પાડવાની કાર્યવાહી અંગે ફેરવિચારણા કરવા માટે અસરકારક રજુઆત કરી હતી. ચેમ્બરની રજુઆતને પગલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચીફ પ્રિન્સીપલ સેક્રેટરી ટુ સીએમ શ્રી કૈલાસનાથનને ફોન કરીને આરોગ્ય મંત્રી શ્રી કિશોરભાઇ કાનાણી, મેયરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી તથા સંલગ્ન પદાધિકારીઓની એક સમિતિનું ગઠન કરવા માટે સંકલન સાધવા સુચના આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇના નેતૃત્વ હેઠળ ચેમ્બરનું એક પ્રતિનિધી મંડળ આરોગ્ય મંત્રી શ્રી કિશોરભાઇ કાનાણી (કુમાર)ની સાથે રહી આજરોજ ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીજીને રૂબરૂ મળ્યુ હતુ. ચેમ્બરના પ્રતિનિધી મંડળમાં ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા, માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇ, શ્રી અતુલ પાઠક, ડાયમંડ એસોસિએશનના શ્રી બાબુભાઇ ગુજરાતી અને શ્રી દામજીભાઇ, ક્રેડાઇના શ્રી જસમત વિડીયા અને સુરેશભાઇ પટેલ, ફોગવાના શ્રી હરીભાઇ કથિરીયા અને શ્રી રસિકભાઇ કોઠડીયા વિગેરેનો સમાવેશ થાય છે.

ચેમ્બર દ્વારા કરવામાં આવેલી રજુઆતને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ જ શાંતિથી સાંભળી હતી તથા ઉદ્યોગ – ધંધાના પ્રશ્નો અને ઉભી થયેલી મુશ્કેલીઓને કાળજીપૂર્વક સમજી હતી. મુખ્યમંત્રીશ્રીએ ચેમ્બરના હોદ્દેદારો તેમજ ઉદ્યોગપતિઓને અડધા કલાક સુધી સાંભળ્યા બાદ સમગ્ર મામલે સકારાત્મક અભિગમ દાખવ્યો હતો. તેમણે ઉદ્યોગ – ધંધાના સ્થળે તેમજ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે ડોમ તોડી પાડવાના મામલે ફેરવિચારણા કરવાની ખાતરી આપી હતી.